## વ્યારાના શંકર ફળિયાના દુ:ખી લોકોનું પ્રચાર માટે નેતાઓને નોતરું

**તૂટેલાં** ઘરોમાં દબાયેલા, કચડાયેલા ગરીબોની લોહી પરસેવાની કમાણી, દટાઈ ગયેલાં સપનાં જોવા આવો: બાળકોએ બેનર્સ સાથે વેદના ઠાલવી



વ્યારા: વ્યારાના શંકર ફળિયા વિસ્તારમાં થોડાક દિવસો પહેલાં તંત્ર દ્વારા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં ૭૦ જેટલાં મકાનો ભરચોમાસામાં તોડી પાડવામાં આવ્યાં હતાં. લોકસભાની ચૂંટણી નજીક હોવા છતાં શંકર ફળિયા વિસ્તારમાં અત્યાર સુધી કોઈ રાજકીય પક્ષ પ્રચાર કરવા ગયો નથી. જેથી સ્થાનિક મતદારો દ્વારા રાજકીય પક્ષના આગેવાનો અને ઉમેદવારો પ્રચાર કરવા આવો એવાં બેનર લગાવી આશ્ચર્યજનક કાર્યક્રમો આપી તેઓને પ્રચાર માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

કેટલાંક બેનર્સમાં લખ્યું હતું કે, "બારડોલી લોકસભા-૨૦૨૪ દરેક રાજકીય પક્ષના ઉમેદવારોને શંકર ફળિયામાં ચાલુ વરસાદમાં થયેલા અમાનવીય ડિમોલિશનમાં તૂટેલાં ઘરોમાં દબાયેલા, કચડાયેલા ગરીબોની લોહી પરસેવાની કમાણી, દટાઈ ગયેલાં સપનાં જોવા તેમજ પીડિત પરિવારોની વ્યથા સાંભળી ઉમેદવારનો પ્રચાર કરવા" જાહેર આમંત્રણ પાઠવીએ છીએ. આવી વેદના વ્યક્ત કરતાં બેનર્સ નાનાં બાળકોના હાથોમાં જોવા મળ્યાં હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે, ડિમોલિશન સમયે કોઈ રાજકીય નેતાઓ અહીં ફરક્યા ન હતા. જ્યારે બીજી તરફ સોનગઢ-ઉકાઈ રોડ પરનાં દબાણો દૂર ન કરવાં અધિકારીઓને કેટલાક નેતાઓ દ્વારા ભલામણ કરવામાં આવી હતી.



ઈબ્રાહીમ કાનુ

પાલોદ પોલીસ ચોકીની સામેના વિસ્તારમાં આવેલી ઝમઝમ રેસિડેન્સીમાં બનેલી ઘટના

## ચોરોની ચાલાકી: મોપેડ મૂકી કારને ધક્કો મારી પોલીસ સ્ટેશનની બાજુમાંથી જ હંકારી ગયા!

**કાર** ચોરવા માટે જે વાહન ઉપયોગમાં લેવાયું છે એ કબજે લેવાની પણ પોલીસે તસદી લીધી નથી

### રહેણાક એરિયામાં થયેલી ચોરીની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ

પાલોદ પોલીસ ચોકી નજીક આવેલા જનતાથી ખીચોખીચ ઊભરાતા રહેણાક એરિયામાં ચોર ઘૂસ્યા ત્યારથી અંત સુધીની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી અને સીસીટીવી કેમેરામાં ચોરોની હરકત પ્રમાણે બે ઇકો કાર પૈકી એક ઇકો કારને લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. તેનો મેળ નહીં પડતાં નજીકમાં પાર્ક કરેલી બીજી એક કારને ધક્કો મારી કોઈનો ડર રાખ્યા વિના રોડ સુધી લઈ આવી આખરે પાલોદ પોલીસ ચોકીની નજીકમાંથી પસાર થતાં કીમ રોડ પરથી ગાડી લઈ ફરાર થઈ ગયા હતા. ચોરોનો ચહેરો પણ સીસીટીવી કેમેરામાં સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો.

હથોડા: પાલોદ પોલીસ ચોકીના સામેના વિસ્તારમાંથી ગત રાત્રે તસ્કરો ઘરઆંગણે પાર્ક કરેલી ઇકો કારની ચોરી કરી જતાં વિસ્તારની જનતામાં ભયનો માહોલ છવાયો હતો. આ ઘટનાથી પાલોદ પોલીસની પેટ્રોલિંગના ધજાગરા ઊડી ગયા છે. ચોર કાર ચોરવા માટે મોપેડ લઈને આવ્યો હતો અને કાર લઈ ભાગી ગયો હતો. જો કે, તપાસ કરનાર અમલદારે મોપેડ કબજે લેવાની તસદી પણ લીધી નથી.

ઘટનાની વિગત એવી છે કે, પાલોદ પોલીસ ચોકીના સામેના વિસ્તારમાં આવેલી ઝમઝમ રેસિડેન્સીમાં રહેતા શેખ મોહમ્મદ તલ્હા ઝહીરભાઈની જીજે 19 બીઈ 0960 નંબરની આશરે રૂપિયા 7 લાખની ઇકો કાર રોજના નિત્યક્રમ પ્રમાણે પોતાના ઘરઆંગણે ગત રાત્રે પાર્ક કરી હતી. દરમિયાન કોઈ ચોર રાત્રિના ત્રણ વાગ્યાના અરસામાં એક મોપેડ નં.(જીજે 5કેએન 8000) ઉપર આવ્યો હતો. એ બાદ મોપેડ ત્યાં જ છોડી દીધી હતી. અને ઇકો કારને એકલો જ ધક્કો મારીને રોડ સુધી લાવી બિનધાસ્ત કાર ચાલુ કરી પોલીસ ચોકીની બાજુમાંથી જ કાર લઈને ફરાર થઈ ગયો હતો. જે કારની ચોરી થયાની જાણ કારના માલિકને સવારે થતાં જ નજીકમાં આવેલી પાલોદ પોલીસ ચોકીમાં દોડી ગયો હતો. પરંતુ સવારે છ વાગે પાલોદ પોલીસ ચોકીમાં કોઈ હાજર નહીં હોવાથી આખરે કોસંબા કોસંબા પોલીસમથકે 17 કિ.મી. દૂરનો ચકરાવો કાપીને લાંબા થઈ કોસંબા પોલીસમથકમાં ગાડીની ચોરી થવા અંગેની અરજી આપી છે. અને આખરે અરજદારે ફરિયાદ દાખલ નહીં થતાં ઈ-એફઆઇઆર પણ કરી છે. થોડા વખત પહેલાં પાલોદ પોલીસ ચોકીના સામેના વિસ્તારમાં તસ્કરોએ પોલીસનો ડર રાખ્યા વિના સાગમટે છ દુકાનના તાળાં તોડી દુકાનોમાંથી ચોરી કરી તરખાટ મચાવ્યો હતો. જે તસ્કરો આજદિન સુધી પકડાયા નથી. ત્યાં ફરી ચોરો સક્રિય થયા છે.

નવાઈની વાત એ છે કે જાણે ચોરી કરવાનું વાહન ચોક્કસ ટાર્ગેટ હોય એમ ચોર ચોરી કરવા માટે મોપેડ લઈ આવ્યા હતા. અને મોપેડ મૂકી કાર લઈ ફરાર થઈ ગયા હતા. આ બાબતે હજુ સુધી કોઈ ફરિયાદ નોંધાઈ નથી. ત્યારે કોસંબા પોલીસમથકમાં નવા મુકાયેલા પીઆઇ એમ.કે.સ્વામી પાલોદ પોલીસને સક્રિય કરી પાલોદ પોલીસ ચોકી હદ વિસ્તારમાં તરખાટ મચાવતા તસ્કરોને ઝડપે એવી આ વિસ્તારની જનતાની માંગ છે.

## બારડોલીમાં ખાનગી બેન્કની મહિલા મેનેજરને ઓનલાઈન ટ્રેડિંગ ભારે પડ્યું

**ઉજ્જૈનના** એક વ્યક્તિએ મહિલાને વિશ્વાસમાં લઈ તેના ડિમેટ એકાઉન્ટની વિગતો મેળવી સાત લાખનું નુકસાન કરાવ્યું

બારડોલી: મૂળ રાજસ્થાનના જયપુરની અને હાલ બારડોલીના તેન ગામે આવેલ વિક્ટોરિયા એવન્યુમાં રહેતી ચિનાબેન અમનદીપ યાદવ (ઉં.વ.32) બારડોલીની કેનેરા બેન્કમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. ગત 12મી માર્ચના રોજ તેણી પર અલ્ગોરિધમ કંપનીમાંથી ફોન આવ્યો હતો અને તમે ઓપ્શનમાં ટ્રેડિંગ કરો છો એમ કહી ઓનલાઈન ટ્રેડિંગ કરવાની લોભામણી વાતચીત કરી હતી. અને ઓનલાઈન ટ્રેડિંગ કરવા માટે મહિલાએ સામેના શખ્સને તેનો ફોન નંબર આપ્યો હતો. ત્યારબાદ તે જ દિવસે સાંજે અન્ય નંબર પરથી મધ્યપ્રદેશના ઉજ્જૈનથી દીપક મલ્હોત્રા નામના યુવકનો ફોન આવ્યો હતો અને તેણે અમારી કંપનીમાં ટ્રેડિંગ કરશો તો વધુ પ્રોફિટ થશે તેવી લોભામણી લાલચ આપી મહિલાના ડિમેટ એકાઉન્ટના લોગીન પાસવર્ડ મેળવી લીધા હતા. ત્યારબાદ વોટ્સએપ કોલ તમારી બધી ભૂલ જોઈ લીધી છે તેમજ મારો વર્ષમાં સો કરોડનો નફાનો ટાર્ગેટ છે. જો તમારે અમારી સાથે ટ્રેડિંગ કરવું હોય તો પચ્ચીસ ટકા પ્રોફિટ આપવું પડશે, એમ જણાવતાં મહિલાએ ના કહી દીધી હતી અને મહિલાએ ડિમેટ એકાઉન્ટના પાસવર્ડ બદલી નાંખ્યો હતો. બાદમાં બીજા દિવસે પણ તેનો ફોન આવ્યો, પરંતુ મહિલાએ ફોન રિસીવ કર્યો ન હતો.

ઓફિસે જઈને તેણીને પોતાનું લેપટોપ ખોલીને જોયું તો તેમના ટ્રેડિંગ એકાઉન્ટમાંથી ટ્રેડિંગ થઈ રહ્યું હતું. મહિલાએ દીપક મલ્હોત્રાને ના કહેવા છતાં ટ્રેડિંગ ચાલુ રાખતાં શરૂઆતમાં 4.76 લાખનો નફો કરાવેલ અને ત્યારબાદ 3.93 લાખનું નુકસાન કરાવ્યું હતું. મહિલા જે કંપનીમાં ટ્રેડિંગ કરે છે તે પરભુદાસ લીલાધર પ્રા.લિમિટેડમાં મેઈલ કરી એકાઉન્ટ ફ્રિઝ કરાવ્યું હતું.

ત્યારબાદ કંપનીએ હવે એકાઉન્ટ હેક નહીં થાય તેવી ખાતરી આપતાં મહિલાએ ફરી એકાઉન્ટ શરૂ કરાવ્યું હતું. છતાં ગત તા.1/4/2024ના રોજ ફરી એકાઉન્ટ હેક થયું હતું અને તેમને 7 લાખ રૂપિયાનું નુકસાન થયું હતું. આથી મહિલાએ ગુરુવારે બારડોલી ટાઉન પોલીસમથકમાં દીપક મલ્હોત્રા નામના શખ્સ વિરુદ્ધ ગુનો નોંધાવી આગળની તપાસ હાથ ધરી છે.

## કામરેજમાં સર્વિસ રોડ પર ચાલવા નીકળેલા વૃદ્ધાનું ટેમ્પો અડફેટે મોત

**ઘરે** પરત નહીં આવતાં શોધવા નીકળેલા પતિને જાણ થઈ કે પત્નીનું મોત થયું છે



વિશાલ પટેલ

કામરેજ: કામરેજ ચાર રસ્તા પાસે આવેલા સૃષ્ટિ કોમ્પ્લેક્સની બાજુમાં આવેલા સર્વિસ રોડ પર ચાલતા વૃદ્ધાને અજાણ્યા ટેમ્પોચાલકે અડફેટે લેતાં મોત નીપજ્યું હતું.

મૂળ અમરેલીના કુકાવાવ અને કામરેજ ચાર રસ્તા પાસે આવેલી ગાયત્રીનગર સોસાયટીમાં મકાન નં.82માં રહેતા સુભાષ દીપચંદ રૂપડા (જૈન)નાં પત્ની નીતાબેન ઉર્ફે નયનાબેન (ઉં.વ.65)ને અસ્થમાની બીમારી હોવાથી દરરોજ સવારે 4 કલાકે સોસાયટીની બહાર આવેલા સૃષ્ટિ કોમ્પ્લેક્સની બાજુમાં આવેલા સર્વિસ રોડ પર ચાલવા માટે જતાં હતાં. શુક્રવારે સવારે પણ ચાલવા માટે ગયાં હતાં. બે કલાક થયા બાદ પણ નયનાબેન ઘરે ન આવતાં સવારે 7 કલાકે પતિ સુભાષભાઈ પત્નીને શોધવા માટે સૃષ્ટિ કોમ્પ્લેક્સ પાસે આવતાં ફરસાણની દુકાન ચલાવતા સમીરભાઈએ મહિલાને અકસ્માત થયાનું જણાવતાં જોવા જતાં સુભાષભાઈનાં પત્ની નયનાબેનને કોઈ અજાણ્યા ટેમ્પોચાલકે રિવર્સ લેવાને કારણે અડફેટે આવતાં મોત નીપજ્યું હતું. આ બાબતે કામરેજ પોલીસને જાણ કરતાં પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વ્યારાના ગોલવાડમાં દારૂ સાથે બુટલેગર ઝડપાયો



વ્યારા: વ્યારાના ગોલવાડ વિસ્તારમાંથી રૂ.33,700ના વિદેશી દારૂ સાથે બુટલેગરને એલસીબીએ ઝડપી પાડ્યો હતો. જ્યારે એકને વોન્ટેડ જાહેર કર્યો હોવાનું જાણવા મળ્યું છે. એલસીબીએ કુખ્યાત બુટલેગર કનૈયાલાલ ઉર્ફે કાનો ગોકુળ રાણાને ત્યાં છાપો મારતાં રૂ.33,700નો વિદેશી દારૂનો મુદ્દામાલ ઝડપાઇ ગયો હતો.

### માંડવીમાં સળગતા કચરાનો તણખો ઊડતાં કારમાં આગ



હિતેશ પટેલ

માંડવી: માંડવીના ટ્રાઇબલ સબપ્લાન ક્વાર્ટસ ખાતે સળગી રહેલા કચરાનો તણખો ઊડીને ડીઝલ કાર નં.(જીજે 5જી 2011) પર પડતાં એકાએક આગ લાગી હતી. આ બનાવની જાણ માંડવી ફાયર બ્રિગેડને થતાં જવાનો ઘટના સ્થળે પહોંચ્યા હતા. તેમણે પાણીનો છંટકાવ કરી આગને કાબૂમાં કરી હતી.

### પલસાણાના જોળવાથી 22 વર્ષીય યુવાન ગુમ

બારડોલી: પલસાણાના જોળવા ગામની ધર્મભક્તિ સોસાયટીમાં રહેતો 22 વર્ષીય યુવક ગુમ થઈ જતાં પલસાણા પોલીસમથકમાં ગુમ જાણવા જોગ ફરિયાદ નોંધાઇ હતી. જોળવા ગામે ધર્મભક્તિ સોસાયટીના મકાન નં.97માં રહેતો રામદયાળ યાદવ ગત તા.20 એપ્રિલ-2024ના રોજ સાંજે 4 વાગ્યા પહેલા ક્યાંક ચાલ્યો ગયો હતો. જે અંગે ગુમ થનારના ભાઈએ કડોદરા પોલીસ સ્ટેશનમાં ગુમ જાણવા જોગ ફરિયાદ નોંધાવતાં પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

### JEE મેઈનની પરીક્ષામાં કામરેજની રામકબીર શાળાનું ઉત્કૃષ્ટ પરિણામ



કામરેજ: JEE મેઈનના પરિણામમાં કામરેજ ચાર રસ્તાની ભારતીય વિદ્યામંડળ સંચાલિત રામકબીર શાળાએ ખૂબ ઉત્તમ પરિણામ મેળવ્યું છે. રામકબીર શાળાના વિદ્યાર્થીઓ મારવણીયા રૂષિલ પી.એ. 96.2 PR,પ્રજાપતિ નીવ બી. એ 87.61 PR,કણઝરિયા સુજલ એમ. એ 87.43 PR,મારવણીયા રૂદ્રએ 85.29PR,સુરાણી માન્યતા પી. એ 84PR પરિણામ સાથે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. આ સિદ્ધિ બદલ ભારતીય વિદ્યામંડળના પ્રમુખ અરવિંદભાઈ ભક્ત, ખજાનચી પરેશ ભક્ત, જિગ્નેશ ભક્ત, શાળાના આચાર્ય શૈલેષ દેસાઈ તેમજ સમગ્ર શાળા પરિવારે વિજ્ઞાન પ્રવાહની શિક્ષકોની ટીમને તેમજ સફળતા મેળવનાર તમામ વિદ્યાર્થી મિત્રોને અભિનંદન પાઠવી વિદ્યાર્થીઓને ઉચ્ચ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવી હતી.

## સોનગઢની આંગણવાડીમાંથી ગેસની બે બોટલ ચોરનારો શખ્સ ઝડપાયો

**પકડાયેલા** ચોર વસીમ રાઈને ચૂનાના ઢગલા પાસે ઝાડી-ઝાંખરામાં બે બોટલ સંતાડી રાખી હતી



વ્યારા: સોનગઢના ગણેશનગરમાં આવેલા ICDS સોનગઢ-૫ આંગણવાડી ખાતે તા.૨૩/૦૪/૨૦૨૪ના રોજ બપોરે ૨થી ૫ વાગ્યાના અરસામાં એચ.પી. કંપનીના ગેસની બે બોટલ કિં.રૂ. ૪ હજારની તસ્કરી કરનાર ચોરને સોનગઢ પોલીસે ઝડપી પાડ્યો છે. કુલ કિં.રૂ. ૫,૦૦૦ મત્તાની કોઈ ચોર ઈસમ ચોરી કરી જતાં આ મામલે આંગણવાડીમાં ફરજ બજાવતા અશ્વિની સૂર્યવંશી (રહે., રમણ્યપાર્ક, તા.સોનગઢ, જિ.તાપી)એ પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. આ ચોરનો સાગરીત હાલ ફરાર હોવાનું જાણવા મળ્યું છે.

ચોરાયેલી ગેસની બાટલો સોનગઢ દશેરા કોલોની પાછળ આવેલા ચૂનાના ઢગલા પાસે ઝાડી-ઝાંખરામાં સંતાડી રાખી ચોર તેને વેચવાના ફિરાકમાં છે, એવી બાતમીના આધારે આરોપી વસીમ સબ્બીર રાઈન (ઉં.વ.૨૨) (રહે., સોનગઢ, ગણેશનગર)ને પોલીસે પકડી લીધો હતો. બે કંતાનના કોથળામાં સંતાડીને રાખેલી ગેસની બાટલો કિં.રૂ.૪,૦૦૦નો મુદ્દામાલ રિકવર કરી આરોપી વિરુદ્ધ આગળની કાર્યવાહી હાથ ધરી છે. તેની સાથે ચોરીમાં મદદરૂપ થનાર અન્ય સહ આરોપી ખલીલ ઉર્ફે ખલીયો નાશીર શેખ (રહે., સોનગઢ, ગણેશનગર)ની પોલીસે શોધખોળ આદરી છે.

## વ્યારા-બારડોલી રોડ પર પોલીસ અને બુટલેગર વચ્ચે 'પકડદાવ'નો ખેલ

**બારડોલી** ગ્રામ્ય પોલીસે દારૂ ભરેલી કારને રોકવાનો પ્રયાસ કરતાં ચાલક પૂરઝડપે હંકારી ગયો

**પોલીસે** પીછો કરતાં ઇસરોલી ગામની સીમમાં બુટલેગરે યુ-ટર્ન મારી કાર ડિવાઈડર સાથે ભટકાવી દીધી

બારડોલી: વ્યારા-બારડોલી માર્ગ પર પોલીસ અને બુટલેગરની ગાડી વચ્ચે ફિલ્મી દૃશ્યો સર્જાયાં હતાં. માણેકપોર ચેકપોસ્ટ પર બારડોલી ગ્રામ્ય પોલીસે દારૂ ભરેલી કારને રોકવાનો પ્રયાસ કરતાં ચાલક પૂરઝડપે હંકારી ગયો હતો. પોલીસે તેનો પીછો કરતાં ઇસરોલી ગામની સીમમાં બુટલેગરે યુ-ટર્ન મારી કાર ડિવાઈડર સાથે ભટકાવી દીધી હતી. પોલીસે કારચાલકની અટકાયત કરી અંદરથી 1.12 લાખનો દારૂ ઝડપી પાડ્યો હતો.

બારડોલી ગ્રામ્ય પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે, વ્યારા તરફથી એક કોરોલા અલ્ટ્રીસ કાર નં.(એમ.એચ.3 એ.આર. 3171)માં વિદેશી દારૂનો જથ્થો ભરી પલસાણા તરફ જનાર છે. જે બાતમીના આધારે ગુરુવારે બપોરે પોલીસે માણેકપોર ચેકપોસ્ટ ખાતે બેરિકેટિંગ મૂકી વાહન ચેકિંગ હાથ ધર્યું હતું. ત્યારે બાતમી મુજબની કાર આવતાં જ પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ કારચાલક બેરિકેટ્સ તોડીને કાર હંકારી ગયો હતો. આથી પોલીસે તેની કારનો પીછો કરતાં ઇસરોલી ગામની સીમમાં પોલીસે આડાસ મૂકતાં યુ-ટર્ન મારી રોંગ સાઈડ હંકારવા જતાં ડિવાઈડર સાથે અથડાઈ ગઈ હતી. કાર બંધ થઈ જતાં અંદર સવાર ચાલક અને ક્લીનર નાસવા લાગ્યા હતા. પોલીસે પીછો કરી ચાલક સતીશ ગુણવંત રાઠોડ (રહે., વાંઝ, હનુમાન ફળિયું, તા.ચોર્યાસી, જિ.સુરત)ને પકડી લીધો હતો. જ્યારે ક્લીનર નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે કારમાંથી 864 બોટલ વિદેશી દારૂ 1,12,320, એક મોબાઈલ ફોન કિં.રૂ. 5 હજાર, એક કાર કિં.રૂ.3 લાખ મળી કુલ 4,17,320 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. નાસી જનાર ક્લીનર અને મુદ્દામાલ ભરાવી આપનારને પોલીસે વોન્ટેડ જાહેર કરી આગળની તપાસ હાથ ધરી છે.

## બાજીપુરા મીંઢોળા નદી પર નવા પુલના નિર્માણ માટે ડાયવર્ઝન આપવામાં આવ્યું

વ્યારા: વાલોડના બાજીપુરા ખાતે મીંઢોળા નદી ઉપર પુલ જર્જરીત અને જૂનો થઈ ગયો હોવાથી ભારે વાહનોની અવરજવર બંધ કરી ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ તાપીના હુકમ મુજબ સુરત ધુલિયા રોડ પર આવેલ મીંઢોળા નદી ઉપર વાહનો પસાર થઈ શકશે નહીં, વાહનોની અવરજવર માટે વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, જેમાં વૈકલ્પિક માર્ગનો ઉપયોગ તરીકે બાજીપુરા સુમુલ ડેરી સોનગઢ સુરત વ્યારા તરફ જવા માટે ઉપયોગ કરવો તથા સુરત સુમુલ ડેરી બાજીપુરા વાલોડ તરફ જવા બાજીપુરા ગામ કુંભારવાડા તરફથી બજાર તરફ કોઝવે પર ટુ વ્હીલ અને ફોરવ્હીલ વાહનોની અવરજવર ન કરે તે માટે આડસ ઊભી કરવા અને પોલીસ બંદોબસ્ત પૂરી પાડવામાં આવ્યો છે. આ જાહેરનામું આગામી તા.૨૩/૦૬/૨૦૨૪ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

## FSLની તપાસમાં અવશેષો ગાયોનાં નીકળતાં બે ભાઈ સામે ગુનો દાખલ

**મહિના** પહેલાં જંબુસરના દેવકુઈમાં વરસાદી કાંસમાં પશુની હોજરીના ટુકડા મળતાં નમૂના એફએસએલમાં મોકલાયા હતા

ભરૂચ: એક મહિના પહેલા જંબુસરના દેવકુઈ ગામની સીમમાં ગૌવંશને કતલ કરીને તેના અવશેષો કાંસમાં ફેંકી દેવામાં આવ્યા હતા. આ અવશેષોના સેમ્પલો FSLમાં મોકલતા તેના રિપોર્ટમાં સ્પષ્ટ થયું હતું કે આ અવશેષો ગાયોના છે. જેથી બે ભાઈઓ સામે જંબુસર પોલીસે ગુનો દાખલ કર્યો છે.

તા-૨૯મી માર્ચના રોજ જંબુસર પોલીસને ગૌવંશને કતલ કરવાની બાતમી મળી હતી. જેના આધારે જંબુસર તાલુકાના દેવકુઈ ગામે મિર્ઝાના ખેતરમાં પોલીસે રેડ કરી હતી. એ વખતે કોઈ ગાય કે ગૌવંશ બાંધેલી હાલતમાં મળી આવી ન હતી. પોલીસને વધુ શંકા જતા ખેતરની બાજુમાં વરસાદી પાણીના કાસમાં તપાસ કરતા કોઈ પશુની હોજરીના ટુકડા, નાના નાના હાડકાં તેમજ લાલાશ પડતી ભીની માટી જોવા આવી હતી. પોલીસે આ વસ્તુઓ ગૌવંશ છે કે કેમ ? જે બાબતે આ વસ્તુના સેમ્પલો પશુ ચિકિત્સક એમ. કે. પરમારને તપાસ અર્થે મોકલ્યા હતા. અને જે પશુમાંસના સેમ્પલ FSLએ સુરત ખાતે મોકલી આપ્યા હતા. FSLએ પરીક્ષણ બાદ તે ગૌવંશનું માંસ હોવાનો રિપોર્ટ આપ્યો હતો.

જેના આધારે જંબુસર પોલીસે જહીરબેગ અબ્બાસબેગ મિર્ઝા તેમજ મહેબુબબેગ અબ્બાસબેગ મિર્ઝા (રહે.,જંબુસર,મિર્ઝાવાડી) સામે ગૌવંશ કતલ કરીને ગૌ-માંસ સગેવગે કરવા બદલ પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ અને પશુ ઘાતકીપણા એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


Milano MULTIPLEX

બારડોલી

Ruslaan : - 10:00Am, 01:00Pm, 04:00Pm, 07:00Pm, 10:00Pm.

Ghostbusters: Frozen Empire (Hindi):- 12:00Pm, 03:00Pm, 06:30Pm, 09:30Pm.

Bade Miyan Chote Miyan 02:00Pm, 09:00Pm.

Main Ladega :- 11:00Am, 06:00pm.

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્કઃ 98791 33333

